**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૮ ટકા

# રોજ સવારે ૮૦ હજારના જયુસ-સુપ-કઠોળ ઓહિયા કરી જતા શહેરીજનો

## શિયાળાના માહોલ સાથે જ શહેરના બાગ-બગીચાઓ પાસે તાજા ફળોના જયુસ, શાકભાજીના ગરમા ગરમ જયુસ, બાફેલા કઠોળ સહિત ગ્રીન ટી, કાવો-ઉકાળો વગેરે ઈન-ડિમાન્ડ : સરેરાશ વિતરકનો રોજનો જયુસ-સુપના ૫૦ થી ૬૦ ગ્લાસ અને કઠોળની ૩૦ થી ૪૦ ડીશનો વેપાર

ગાંધીનગર, તા.૨૮

'સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિતઃ દુઃખ ભાગ્ભવેત્.' ભારતીય સંસ્કૃતિમાં



અનાદિકાળથી સામુહિક સ્વાસ્થ્યને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે જે ઉપરોકત સુવિખ્યાત શ્લોકમાં પ્રતિત થાય છે જેનો અર્થ છે 'સર્વે બની રહો સુખી, સર્વે બની રહો સ્વસ્થ, મળે શુભદૃષ્ટિ સર્વને, ન દુઃખ ભોગવે કોઈ.' આ જ બાબતને અત્યારના સમયમાં 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવતથી પણ દર્શાવવામાં આવે છે અને છેલ્લાં આઠેક માસથી વિશ્વભરમાં કોરોના વાયરસે મચાવેલા કોહરામને કારણે જાહેર સ્વાસ્થ્ય બાબતે ચિંતાજનક માહોલ સર્જાયો છે. જો કે ભારતીય સંસ્કૃતિની દેન એવા આયુર્વેદ તથા યોગ-પ્રાણાયામ વગેરે આ મહામારી સામે લડવામાં વિશ્વમાં વધુ અસરકારક પુરવાર થયા છે. ગાંધીનગર તો આમ પણ સ્વાસ્થ્ય પ્રેમી નાગરિકોનું શહેર છે જેમાં હવે શિયાળાની ઋતુનો પ્રારંભ થતા જ વહેલી સવારે શહેરના બાગ-બગીચાઓ તથા જાહેર માર્ગો મોર્નિંગ વોકર્સથી ઉભરાઈ જવા લાગ્યા છે અને તે સાથે સ્વાસ્થ્યવર્ધક ફળો-શાકભાજી વગેરેના તાજા જયુસ તેમજ ગરમાગરમ સુપ સહિત બાફેલા કઠોળની મૌસમ પણ પુરબહારમાં ખિલી છે. જેનો વેપાર રોજનો ૭૦ થી ૮૦ હજાર રૂપિયાનો થઈ રહ્યો છે.

કોરોના સામે લડવા માટે શરીરમાં રોગ પ્રતિકારક શકિત ખૂબ જ મહત્વનું પરિબળ છે અને રોગપ્રતિકારક શકિત વધારવા માટે તાજાં ફળોનો જયુસ ખૂબ જ ઉપયોગી બને છે. વળી, વિવિધ શાકભાજીમાંથી બનેલા ગરમાગરમ સુપ પણ આ માટે ઉત્તમ વિકલ્પ સાબિત થઈ રહ્યા છે. ગાંધીનગરમાં વહેલી સવારે શહેરના જાહેર બગીચાઓ જેવા કે સ્વર્ણિમ પાર્ક, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, પુનિતવન, સરિતા ઉદ્યાન, સે-૧નું તળાવ, સેકટરોના બગીચા વગેરે સ્થળોએ જયુસ, સુપ, ગ્રીન ટી, કાવો તથા ઉકાળો વગેરેનું વિતરણ પુરજોશમાં થઈ રહ્યું છે. સવારે લગભગ ૬ વાગ્યાથી ૯ વાગ્યા સુધીના સમયગાળામાં અનેક વિતરકો પોતાના સરંજામ સાથે ફોલ્ડીંગ ટેબલ પર કાઉન્ટર જમાવી રોકડીયો ધંધો કરી લેવા સાથે નાગરિકોના સ્વાસ્થ્ય માટે હિતકારક વેપાર કરી રહ્યા છે. મોર્નિંગ વોકર્સમાં પણ આ સ્વાસ્થ્યવર્ધક પીણાંઓની માંગ



ખુબ સારી જોવા મળી રહી છે. જેમાં કેટલાક નાગરિકો ગરમ સુપ પીવાનું તો કેટલાંક ગ્રીન ટી કે કાવો પીવાનું પસંદ કરી રહ્યા છે તો વળી કેટલાંક દરરોજ અલગ અલગ આઈટમ ટેસ્ટ કરવાનો શોખ પણ ધરાવે છે.

જયુસ સુપના વિતરકોના જણાવ્યા અનુસાર શહેરમાં દરરોજ સવારના સમયમાં દરરોજ એક વિતરક ૬૦થી લઈને ૧૦૦ ગ્લાસનું વિતરણ કરે છે જેની કિંમત પ્રતિ ગ્લાસ દીઠ રૂ. ૧૫ થી ૨૫ સુધીની હોય છે એક અંદાજ મુજબ શહેરમાં દરરોજ સવારે ૭૦થી ૮૦હજારનો વેપાર થઈ રહ્યો છે જેમાં જયુસ-સુપ-કાવો-વગેરે ઉપરાંત બાફેલાં કઠોળ વગેરેનો પણ સમાવેશ થાય છે અને મોર્નિંગ વોકર્સ જોગીંગ-વોકીંગ તેમજ યોગ-પ્રાણાયામ-વ્યાયામ બાદ નિયમિત જયુસ-સુપ-કઠોળનું સેવન કરે છે તેમજ ઘણાં દરરોજ પેક કરાવી ઘરે પણ લઈ જતા હોય છે.

**● કયા કયા જયુસ મળે છે? ●**
આમળાં, બીટ-ગાજર, પાઈનેપલ, સફરજન, લીંબુ શરબત

**● કયા કયા સુપ મળે છે? ●**
સરગવો, દૂધી, કારેલા, ટામેટાં, મિકસ-વેજીટેબલ

**● કયા કયા બાફેલાં કઠોળ મળે છે? ●**
ફણગાવેલા મગ, ચણા, અમેરિકન મકાઈ, રાજમા, વાલોળ

**● મસાલામાં શું વપરાય છે? ●**
લીંબુ, સંચળ, મરી, ફુદીનો, મીઠું

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૨૪ સ્થિત શાળા નં.૧ને બાળઉપયોગી બનાવવામાં આવી

ગાંધીનગર, તા.૨૮

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સરકારી પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણમાં આગળ વધવા વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તેમના સર્વાંગી વિકાસ માટે સતત કાર્ય કરે છે ત્યારે કોરોના કાળમાં સમયનો સદઉપયોગ કરીને સંસ્થા દ્વારા ગાંધીનગરની સે-૨૪ની સરકારી પ્રાથમિક શાળા નં.૧ને બાળ ઉપયોગી બનાવવામાં આવી હતી.



સંસ્થાના ટ્રસ્ટી મયુરભાઈ જોશી દ્વારા સંપૂર્ણ કામગીરી વિશે સમજ આપવામાં આવી હતી. શાળા દ્વારા સાવબેજના સીએસઆરના હિમાંશુભાઈ મકવાણા અને પાયલબેન, ચંદાબેન, રીટાબેન અને નીલાબેનના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. પ્રોજેકટ વાઉપ અંતર્ગત જીજુબેન ગુપ્તેની વર્ષ દરમિયાન સેનેટરી નેપકીન આપવાની કામગીરીને બિરદાવવામાં આવી હતી. અંતમાં મનોજભાઈ જોશી દ્વારા સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ઉદગમ ટ્રસ્ટ દ્વારા સાયબેજ સોફટવેર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સીઆર અંતર્ગત સાયબેજ આશા ટ્રસ્ટ દ્વારા સે-૨૪ શાળા નં.૧ના વિદ્યાર્થીઓને ચોપડા, નોટબુક અને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા શાળાની મરામત કરી બાળ ઉપયોગી બનાવાઈ હતી. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ અને વોર્ડ નં.૪ના કોર્પોરેટર નીલાબેન શુકલએ પણ ઉદગમ ટ્રસ્ટના આમંત્રણને માન આપી શાળાની મુલાકાત લીધી હતી.

## આજથી આવનારા ૧૪ દિવસ નવા કાર્યો અને ખરીદી માટે શુભ

ગાંધીનગર, તા.૨૮

નવરાત્રી પૂર્ણ થઈને દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે શહેરમાં નવા વર્ષના પંચાંગ અને કેલેન્ડર આવી ગયા છે. જેનું વેચાણ પણ શહેરના માર્કેટમાં શરૂ થઈ ગયું છે જે મુજબ શહેરીજનો શુભ દિવસોની ગણતરી કરશે ત્યારે આજથી ચૌદ દિવસ સુધી શુભ મુર્હુત છે તેવું જયોતિષ શાસ્ત્ર પ્રમાણે જાણવા મળ્યું છે.

જે અંતર્ગત ૨૯ ઓકટોબરે સ્વાર્થ સિધ્ધ યોગ છે આ દિવસ બધા જ કાર્યો માટેનો શ્રેષ્ઠ દિવસ છે. તા. ૩૦ ઓકટોબરે સ્વાર્થ અને અમૃત સિધ્ધી સાથ રવિ યોગ છે જે દર્શાવે છે કે આ દિવસે વાહન, અભૂષણ, વાસણ, કાપડ અને પ્રોપર્ટીની ખરીદી કરવી શુભ છે. ૧લી નવેમ્બરે ત્રિપુષ્કર યોગ છે જે



વેપારની શરૂઆત અને વાહનની ખરીદી માટે શુભ જણાય છે. ૨ નવેમ્બર એ સ્વાર્થ સિધ્ધિ યોગ છે જે વાહન ખરીદી અને વેપાર માટે શુભ છે.

૪ નવેમ્બર એ બધા જ પ્રકારની ખરીદી માટે યોગ્ય છે. ૬ નવેમ્બર એ રવિ અને સ્વાર્થ સિધ્ધિ સાથે કુમાર યોગ છે જે પ્રોપર્ટી, વાહન અને ઈલેકટ્રીક સામાન માટે શુભ ગણાય છે. ૭ નવેમ્બરે ત્રિપુષ્કર અને રવિ યોગ છે જે વેપારની શરૂઆત અને વાહન ખરીદી માટે શુભ દિવસ છે. ૮ નવેમ્બર એ રાજયોગ, રવિપુષ્ય અને સ્વાર્થ સિધ્ધ યોગ છે જે દરેક પ્રકારની ખરીદી માટેનો ઉત્તમ દિવસ છે. ૯ અને ૧૦ નવેમ્બરે કુમારયાગ છે જે ઈલેકટ્રોનિક સામાનની ખરીદી માટે ખુબ જ શુભ દિવસ છે. આ ઉપરાંત તા. ૧૧ થી ૧૪ નવેમ્બરના દિવસે સ્વાર્થ સિધ્ધ યોગ છે જે વાહન ખરીદી માટે શુભ દિવસ છે. આમ આવનાર ૧૪ દિવસો નવું વાહન, ઈલેકટ્રીક સામાન, નવો વેપાર તથા તમામ પ્રકારની ખરીદી કરવા માટેનો ઉત્તમ દિવસો જયોતિષીશાસ્ત્ર પ્રમાણે માનવામાં આવી રહ્યા છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. લીલાબેન મહેશભાઈ ભીલ, ઉ.વ. ૩૦, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. લક્ષ્મણભાઈ ચીમનલાલ કહાર, ઉ.વ. ૬૪, સે-૨૮, જીઆઈડીસી, ગાંધીનગર
- સ્વ. ભારતી રમેશચંદ્ર સોલંકી, ઉ.વ. ૬૯, સે-૨૩, ગાંધીનગર
- સ્વ. ઠાકોર જયંતિજી મણાજી, ઉ.વ. ૩૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. જેઠવાણી પરમેશ્વરી પરષોત્તમ, ઉ.વ. ૪૩, આદીપુર, ગાંધીધામ, કચ્છ
- સ્વ. કાળાજી સોમાજી પરમાર, ઉ.વ. ૪૯, વજાપુરા, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ લીલાબેન અમરતભાઈ, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. જવલંત જનાર્દન બક્ષી, ઉ.વ. ૬૩, સેકટર-૨૩, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. મકવાણા મુળજીભાઈ જેસંગભાઈ, ઉ.વ. ૮૨, સેકટર-૪, ગાંધીનગર

## સિવિલ હોસ્પિટલમાં ડીજીટલ એકસ-રે બંધ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડીયાથી ડીજીટલ એકસ-રે બંધ હાલતમાં છે. ડીજીટલ એકસ-રે માટે જરૂરી ફિલમ નહી હોવાથી હાલના સમયે ડીજીટલ એકસ-રે પાડવામાં આવતા નથી. પાટનગરની સિવિલમાં ડીજીટલ એકસ-રે ની કામગીરી બંધ હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે ડીજીટલ એકસ-રે ની સુવિધા ઝડપી શરુ થાય તેવી માંગ દર્દીઓ કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર હોસ્પિટલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. અત્યારે હાલના સમયે સિવિલમાં કોરોનાના દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોરોના વાયરસથી દર્દીને કેટલુ નુકશાન થવા પામ્યું છે તે માટે ડોકટર દ્વારા છાતીનો અને ફેંફસાનો ડીજીટલ એકસ કરાવે છે. આ એકસ-રે થી દર્દીને કોરોનાથી ફેફસામાં કેટલું નુકશાન થયું છે તે જાણી શકાય છે. ત્યારબાદ દર્દીને સ્વસ્થ થાય તે માટે જરુરી સારવાર અને દવાઓ આપવામાં આવે છે. ત્યારે ડીજીટલ એકસ-રે બંધ હોવાથી દર્દીઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે.

સિવિલ તંત્ર દ્વારા એકસ-રે ના મટીરીયલ અંગે ઉચ્ચકક્ષાએ માંગણી કરી હોવા છતા સ્ટોક આવતો નથી. હાલના સમયે રાજયના નાગરીકોના આરોગ્યને લઈ આરોગ્ય વિભાગ ચિંતિત નજરે પડી રહ્યું છે. કોરોનાની મહામારીને લઈ સતત સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં જ કોરોના દર્દીઓ માટે અતિ ઉપયોગી ડીજીટલ એકસ-રે મશીન બંધ હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે સચિવાલયથી ગણતરીના અંતરે આવેલી સિવિલમાં ડીજીટલ એકસ-રે કયારે શરુ થશે.

# પનઘટ કલાકેન્દ્રએ કરી નવરાત્રીની "નવધા" ઉજવણી..!!!

## રાસ-ગરબા ક્ષેત્રે સુવિખ્યાત ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના કલાકારોએ નવરાત્રીમાં "નવધા સેવાકાર્યો" કર્યા આ વર્ષે ગરબા પર પ્રતિબંધના કારણે બચેલા ખર્ચમાંથી સેવાકાર્યો થકી જગતજનની પ્રત્યે આસ્થા વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૨૮

"ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો, શ્રીફળની જોડ લઈને રે..." જી હા,





જગતજનની આદ્યશક્તિની આરાધના માટે જરૂરી નથી કે તમે હરહંમેશ ઝાકમઝોળથી નવરાત્રી ઉજવો પરંતુ તમારા હૃદયમાં માતાજી પ્રત્યે સાચી શ્રધ્ધા અને સમાજના જરૂરિયાતમંદો માટે સેવાની ભાવના હોય તો પણ પુરતુ છે, અને આ વાત સાચી ઠેરવી છે ગાંધીનગરની સુપ્રસિદ્ધ સંસ્થા પનઘટ કલાકેન્દ્રએ. ગાંધીનગરમાં છેલ્લાં વીસેક વર્ષથી લોકનૃત્ય અને રાસ-ગરબાના ભાતીગળ વારસાની જાળવણી સાથે નવયુવા કલાકારોને પદ્ધતિસર રીતે તાલીમ આપી સ્ટેજ પુરૂ પાડતી સંસ્થા પનઘટ કલાકેન્દ્રએ આ વર્ષે નવરાત્રીની ઉજવણી વિશેષ રીતે કરી હતી જેમાં સંસ્થાના સંચાલક ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થા સાથે સંકળાયેલા કલાકારો અને તાલીમાર્થીઓએ "નવધા સેવાકાર્યો" કર્યા હતા.

આ વર્ષે કોવિડ-૧૯ મહામારીને કારણે સરકાર દ્વારા ગરબાના જાહેર આયોજન પર પ્રતિબંધ મુકાયો હોવાથી પનઘટ કલાકેન્દ્રના યુવા કલાકારોએ નવરાત્રી કેવી રીતે ઉજવવી તે અંગે અવઢવમાં મુકાયા હતા. આમ તો દર વર્ષે નવરાત્રીમાં યોજાતા રાજય સરકારના વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ તેમજ રાજયકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં પનઘટની ટીમ અચૂક હોય છે તેમજ સમગ્ર નવરાત્રી દરમ્યાન ગાંધીનગર કલ્ચરલ ફોરમનું આંગણું પણ પનઘટના કલાકારો ગજવતા હોય છે જો કે આ વર્ષે આ બધુ મુલત્વી રહ્યું હોવાથી કલાકારોએ મળીને "નવધા સેવાકાર્યો" થકી જગતજનની મા જગદંબાની સેવા આરાધના કરવાનો નિશ્ચય કર્યો હતો. આ માટે કલાકારોએ નવરાત્રીના ગરબા માટેના ચણિયાચોળી કોડિયુ સહિતના વસ્ત્રો અને સાજસણગારના તથા નવરાત્રી દરમ્યાન થતાં હરવા-ફરવા-જમવાના કે નાસ્તા-પાણી સહિતના અનેક ખર્ચા જે આ વર્ષે થવાના નહોતા તેની બચતમાંથી એક ફંડ ઉભુ કર્યુ હતુ. આ ફંડમાં સંસ્થાના સંચાલક ભાવિન પટેલે પોતાનો અંગત તથા સંસ્થાના ફંડનો પણ ફાળો આપી કલાકારોને નવધા સેવાકાર્યો માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે તેમના માર્ગદર્શન હેઠળ કલાકારોએ નવરાત્રીના નવે નવ દિવસ અલગ અલગ સેવાકાર્યો કરીને નવરાત્રીની અનોખી અને સાચી કહી શકાય તેવી ઉજવણી કરી હતી જેનો આત્મસંતોષ યુવાનોના હૈયે દર વર્ષે નવરાત્રીમાં ગરબા રમવા જેટલો જ પ્રાપ્ત થયો હોવાનું અનુભવ્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે પનઘટ કલાકેન્દ્ર વર્ષ ૨૦૦૧ થી પાટનગરમાં કાર્યરત છે અને રાષ્ટ્રપતિ ભવનથી માંડીને રણોત્સવ હોય કે પતંગોત્સવ વગેરેમાં પણ વિજયી પરફોર્મન્સ આપવા સાથે છેલ્લાં ત્રણ વર્ષથી લગલગાટ રાજયકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવવાની હેટ્રીક નોંધાવી ચુક્યુ છે. આ ઉપરાંત દર વર્ષે પનઘટ દ્વારા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને જમાડવા, ગાંધીનગરના સ્થાપના દિવસની અનોખી રીતે ઉજવણી કરવી, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન વગેરે જેવા જનજીવન ઉપયોગી સેવાકાર્યો ઉપરાંત કોરોના મહામારીમાં માસ્ક વિતરણ સહિતના સેવા કાર્યો કરી ચુક્યુ છે.

### પનઘટ નવધા સેવાકાર્યોની ઝલક

- **પહેલુ નોરતુ - જરૂરિયાતમંદ પરિવારની દિકરીને ભણતર માટે રોકડ સહાય**
- **બીજી નોરતુ - મધ્યમ વર્ગના પરિવારજનોને કરિયાણાની સહાય**
- **ત્રીજુ નોરતુ - મનોદિવ્યાંગ બાળકોને જરૂરી રમકડાં વિતરણ**
- **ચોથુ નોરતુ - ૯ કુંવાશી દિકરીઓને ભોજન તથા શુભેચ્છા ભેટ**
- **પાંચમુ નોરતુ - રોરો પોઝિટિવ (એચઆઈવીગ્રસ્ત) બાળકોને ભોજન**
- **છઠ્ઠુ નોરતુ - જુસિકાને સમાજોપયોગી સાધન સામગ્રી અર્પણ**
- **સાતમુ નોરતુ - મધ્યમ વર્ગના પરિવારને મેડીક્લેઈમ ઈન્શ્યુરન્સ સહાય**
- **આઠમું નોરતુ - બ્રહ્મિક પરિવારો અને બાળકોને પગરખાં વિતરણ**
- **નવમું નોરતુ : જરૂરિયાતમંદ કલાકારના પરિવારને રોકડ સહાય**